





રાખ્યું મૌન, અપમાનો નો બદલો લઇ લ્યો!
શોષણ અને અન્યાય નો બદલો લઇ લ્યો!
ખાધો માર મોંઘવારીનો, બદલો લઇ લ્યો!
આજે આવ્યો છે અવસર, બદલો લઇ લ્યો!




'મત આપવો'
હક છે અધિકાર -
ફરજ પણ..

મળી છે તક,
રાજા છો એક દિ'ના
કરી લ્યો ન્યાય!

(મતદાન અવશ્ય કરો)

## ચિંતન

**અહિતહિત વિચારશૂન્ય બુધ્ધેઃ શ્રુતિસમર્યૈ બહુભિસ્તિર સ્કૃત્યસ્ય ।**
**ઉદર ભરણ માત્ર કેવલેચ્છોઃ પુરૂષોપશોશ્ચપશોશ્ચ કો વિશેષઃ ॥**

**'જેની બુધ્ધિ પોતાનું ભલું-બૂરૂં હિત-અહિતના વિચાર વિનાની બની ગઇ છે, શાસ્ત્ર વિહિત-શાસ્ત્રમાં સૂચવ્યા પ્રમાણેના સંસ્કાર-સદાચારથી પણ જે ભ્રષ્ટ થયો છે, અને માત્ર 'પેટ ભરવું' એટલી જ જેની ઇચ્છા-લક્ષ્ય-મહત્ત્વકાંક્ષા છે. એવા પુરૂષ અને પશુમાં શું તફાવત?'**

**સ્વામી રામતીર્થ યુવાન વયે- જ્યારે અધ્યાત્મની દિશા પકડી ત્યારે સાચી દિશા મળતી ન હતી ત્યારે એક ટેકરી પર ચઢી ભગવાનને બૂમો પાડી પૂછતાં, તે મને શા માટે જન્મ આપ્યો છે? મારે જન્મીને કરવાનું છે શું?**

**આવી ચિંતા આપણને સૌને હોવી જોઇએ. આપણા જીવનનું લક્ષ્ય-હેતુ-ધ્યેય શું છે એની તો આપણને ખબર જ નથી, પેટ ભરવા દોડાદોડી, સાચું-ખોટું કરવું - ખાવું-પીવું-મોજમજા કરીને રોગી થઇ મરી જવું, શું આ જ આપણાં જીવનનું લક્ષ્ય છે?!**

**આપણું હિત-અહિત, ભલું-બૂરૂં શા માં છે એટલું પણ આપણે વિચારતા નથી, માત્ર પૈસા તરફ દૃષ્ટિ રાખી ગમે તેવાં-ગમે તેટલાં દૃષ્કૃત્યો આપણે કર્યાં કરીએ છીએ. અરે પશુ પણ માત્ર પેટ ભરવા કોઇ પાપ કરતું નથી જે મળ્યું, જેટલું મળ્યું જેવી રીતે મળ્યું તે દાવ-પેચ કર્યાં વિના ખાઇ લે છે આપણે સો પશુથી પણ ગયાં?!**

## સુવિચાર

- જે શિલા નબળા મનોબળ વાળા મનુષ્યને માર્ગમાં અંતરાય રૂપ લાગે છે તેનો જ દૃઢ નિશ્ચયી લોકો પગથિયાં તરીકે ઉપયોગ કરી લે છે **- કાર્લાઇલ**
- કેટલાક લોકો પોતાના દાંત અને જીભથી જ પોતાની કબર તૈયાર કરે છે- **હકીમ મુસ્તફા**
- બુધ્ધિપૂર્વક આચરેલો અન્યાય ક્ષણિક ક્રોધની હિંસા કરતાં પણ વધારે ભયાનક છે- **નિત્સે**
- ઓછું બોલો, સાચું બોલો, સાદું બોલો, મધુર બોલો **- રવિશંકર**
- કાર્યને વાવશો તો સ્વભાવ લણશો, સ્વભાવ વાવશો તો ચારિત્ર્ય લણશો અને આ ચારિત્ર્ય વાવશો તો ભાગ્ય લણશો **- જીડી બોર્ડમેન**
- આપણે આપણી જાતને પણ ઇચ્છા મુજબની બનાવી શકતા નથી, તો બીજાને તમારી ઇચ્છા મુજબ કેમ બનાવી શકશો? માટે ગુસ્સો તો કરશો જ નહીં **- ટોમસ કેમ્પીસ**
- ધરતીકંપ કરતાં પણ વધારે હોનારત માનવ-માનવ વચ્ચેનાં ધિક્કાર કંપ દ્વારા થાય છે **- ધૂમકેતુ**

## બોધ કથા

**ચૂંટણી દરમિયાન નાના-મોટા પક્ષો પોતાની શક્તિ મુજબ ચૂંટણી વચનો આપે છે તંત્ર દ્વારા કોઇ ભૂલથી અમલ થઇ જાય તો 'વાહ ભલા' ન થાય તો કેન્દ્રની ગ્રાંટ-મંજૂરી ન મળી! સરકારો પોતાની આવડત મુજબ એવાં કામ કરે જેમાં પ્રજાના ફાયદા કરતાં પોતાનો વધારે થતો હોય! કામ કરવામાં પણ બુધ્ધિ-શક્તિ આવડત જોઇએ.**

**એક રાજાને ત્રણ પુત્રો હતા. એમાંથી રાજગાદી કોને આપવી એની મૂંઝવણ હતી. એના સલાહકારે કસોટીની રીત બતાવી. ત્રણ પુત્રોના ત્રણ મહેલ હતા. રાજાએ ત્રણે પુત્રોને બોલાવ્યા અને સો-સો રૂપિયા આપ્યા - લ્યો! આ સો રૂપિયામાંથી તમે એવું કંઇક કરો જેથી તમારો આખો મહેલ ભરાઇ જાય!**

**મોટો પુત્ર જુગારી હતો. એણે એમ વિચાર્યું સો રૂપિયામાંથી કંઇ ન જાય-જુગાર રમી જીતી થોડા વધારે કમાઇ લઉં પછી કીમતી રાચરચીલાંથી મહેલ ભરીશ... રમ્યો ને હારી ગયો.**

**બીજો પુત્ર જુગાર હતો. પણ સો રૂપિયામાં એવી કઇ વસ્તુ મળે! જેથી મહેલ આખો ભરાઇ જાય, એના મૂર્ખ ખેડૂત મિત્રએ એને ઘાસથી મહેલ ભરી નાખવાની સલાહ આપી. સચિવો આવા જ હોય, અને મહેલ ઘાસથી ભરી કાઢ્યો.**

**ત્રીજાએ મંદિરમાં જઇ પ્રાર્થના કરી. ત્યાં રંગબેરંગી ફૂલો, દીવા અને અત્તર અગરબત્તીની સુવાસથી મંદિર ભવ્ય ભરાયેલું જોયું. અને એણે એ રીતે મહેલ સુવાસથી ભર્યો.**

**કામની સુવાસ-શોભા, સ્મૃદ્ધિ વધારે એવી હોય!**

# હિબ્રુ ભાષામાં ઇસુનો અર્થ 'મુક્તિદાતા' એવો થાય છે, "ઇસુ એટલે પોતાની પ્રજાને પાપમાં મુક્તિ આપનાર"

## હું રસ્તે રઝળતી વારતા

**- અચના પટેલ**

ક્રિસમસ આવી રહી છે. એટલે અમદાવાદથી લઇને એમ્સ્ટરડેમ અને મુંબઇથી લઇને માન્ચેસ્ટર સુધી રોમાંચક અને રોનકદાર વાતાવરણ ઊભું થઇ જવાનું. નાતાલ કે ક્રિસમસ આમ તો ખ્રિસ્તીઓનો તહેવાર છે, પણ દરેક ધર્મની પ્રજા આ તહેવાર ઉજવે છે. જો કે, ખ્રિસ્તીઓ સિવાયના લોકોને ૩૧મી ડિસેમ્બરની રાતમાં જ વધારે રસ હોય છે. ખ્રિસ્તી વરસના આખરી દિવસની રાત્રે નવા વરસના આગમનને વધારવા આખી દુનિયા તૈયાર થઇ જાય છે. ક્રિસમસને વૈશ્વિક તહેવાર આપોઆપ માન્યતા મળી ગઇ છે. દુનિયાની અડધાથી વધારે વસ્તી ખ્રિસ્તી ધર્મ પાળે છે. ખ્રિસ્તી ધર્મનો ઇતિહાસ ૪૦૦૦ વરસ જૂનો છે.

જીસસ ક્રાઇસ્ટ-ઇસુ ખ્રિસ્ત ખ્રિસ્તીઓના આરાધ્ય દેવ છે. ખ્રિસ્તી ધર્મના મૂળમાં એક ભગવાન અને ત્રણ રૂપનો સિધ્ધાંત છે. એક ભગવાન એટલે પ્રભુ પોતે અને ત્રણ રૂપ એટલે પિતાનું, પુત્રનું અને પવિત્ર આત્માનું રૂપ. પ્રભુ ઇસુ શક્તિસ્ત્રોત ગણાય છે અને ઇસુ જ પવિત્ર આત્મા છે એવી માન્યતા છે. હિન્દુ ધર્મગ્રંથ ગીતા અને ઇસ્લામ ધર્મગ્રંથ કુરાનની જેમ ખ્રિસ્તીઓનો પવિત્ર ધર્મગ્રંથ બાઇબલ છે.

બાઇબલના બે ભાગ છે. જૂનો કરાર અને નવો કરાર. 'કરાર' શબ્દ એ ઉપરથી આવ્યો છે કે ભગવાન અને ઇસુના આગમન પહેલા લખેલા ગ્રંથો 'જૂનો કરાર' અને ઇસુના આગમન પછી લખેલાં ગ્રંથો 'નવો કરાર' ગણાય છે.

બાઇબલમાં ઇસુની જન્મગાથા વર્ણવવામાં આવી છે. જે મુજબ ઇસુની માતા મરિયમનો વિવાહ યોસેફ સાથે થયો હતો. પણ તેમનું મિલન થાય એ પહેલાં જ ખબર પડી કે મરિયમને પવિત્ર આત્મા એટલે ઇશ્વરી શક્તિના પ્રભવાથી ગર્ભ રહ્યો છે. મરિયમના પતિ એટલે ઇસુના પિતા યોસેફ ધર્મિષ્ઠ માણસ નહોતા. એટલે તેમની ઇચ્છા કોઇ જાતની હો..હા.. કર્યા વગર મરિયમને છૂટા કરવાની હતી. તેઓએ વાતનો વિચાર કરતાં હતા એવામાં એક દેવદૂતે તેમને સ્વપ્નમાં દર્શન આપીને કહ્યું કે, 'હે દાઉદ પુત્ર જોસેફ, તારી પત્ની મરિયમને ઘરે તેડી લાવતા ડરીશ નહીં. આ જે ગર્ભ રહ્યો છે તે પવિત્ર આત્માના પ્રભાવથી રહ્યો છે. તેને પુત્ર અવતરશે અને તું એનું નામ ઇસુ પાડજે. યોસેપ ઊંઘમાંથી ઊઠીને દેવદૂતના કહ્યા પ્રમાણે પોતાની પત્નીને ઘરે તેડી લાવ્યા અને તેમનું ગમન થયા વગર મરિયમને પુત્ર અવતર્યો. જેનું નામ યોસેફ 'ઇસુ' પાડ્યું. હિબ્રુ ભાષામાં ઇસુનો અર્થ 'મુક્તિદાતા' એવો થાય છે. "ઇસુ એટલે પોતાની પ્રજાને પાપમાં મુક્તિ આપનાર."




યુવાનીમાં ઇસુ જયારે બોધ કરવા લાગ્યા ત્યારે એમની પાસે શિષ્યો ભેગા થવા લાગ્યા. ઇસુની લોકપ્રિયતા વધતી જતી તેમ તેમનાં શિષ્યોની સંખ્યા પણ વધવા લાગી. આમાંના એક ઇસુનાં પટ્ટશિષ્યનું નામ યૂનાપુત્ર સિમોન હતું. એકવાર જયારે ઇસુએ પોતાના શિષ્યોને પૂછ્યું, 'હું કોણ છું? આ વિશે તમારૂં શું કહેવું છે?' ત્યારે બધા શિષ્યોની વચ્ચે સિમોને કહ્યું, 'આપ તો ખ્રિસ્ત છો, ચેતન સ્વરૂપ ઇશ્વરના પુત્ર. એટલે ઇસુએ કહ્યું, યુનાપુત્ર સિમોન' તું ભાગ્યશાળી છે. કારણ કે કોઇ માણસ નહિ પણ મારા પરમ પિતા પરમાત્મા એ તને આ સત્ય જણાવ્યું છે. અને હવે હું પણ તને કહું છું કે તારું નામ પીતર એટલે ખડક છે અને ખડક ઉપર હું મારા ધર્મસંઘની ઇમારત ચણવાનો છું. જેની આગળ મૃત્યુનું પણ કંઇ ચાલશે નહિ. સિમોન, હું તને ઇશ્વરના રાજયની કુલ સત્તા સોંપીશ અને તું પૃથ્વી પર જેની જેની બંધી કરીશ તેની ઇશ્વર તરફથી પણ બંધી કરવામાં આવશે. અને, તું જેની જેની પૃથ્વી ઉપર છૂટ આપીશ તેની ઇશ્વર તરફથી પણ છૂટ આપવામાં આવશે. 'આમ આ રીતે ઇસુનાં ઉપદેશથી ધર્મસંઘ સ્થપાયો. જે વરસો, દાયકાઓ અને સેકાઓથી ખીલતો ગયો. પણ સંસ્થામાં અનિષ્ટો આવ્યા અને કેટલાંક ધર્માધિકારીઓ અયોગ્ય પણ ઠર્યાં. જેને લીધે ફાંટા પડ્યા, જેના કારણે આજે ખ્રિસ્તી ધર્મના ત્રણ મુખ્ય આંટા છે. પીતરના ઉત્તરાધિકારી પોપ તરીકે ઓળખાય છે. તો જેઓ પોપની આજ્ઞાનું પાલન કરે છે તે કેથેલિક અને તેમની આજ્ઞા ન પાળે પણ બીજું બધું કેથેલિકોની જેમ સ્વીકારે તે ઓર્થોડોક્સ કહેવાય છે. આ સિવાય ત્રીજો પંથ કે જેમાં લોકો વિવિધ મંતવ્યો છોડનાર - સ્વીકારનાર અને અનેક શાખાઓમાં ફંટાઇ ગયેલા છે. તેમને પ્રોટેસ્ટંટ કહેવાય છે.'

ઇસુના સમયમાં જેમ ખ્રિસ્તીમાં જેમ ખ્રિસ્તીઓ વધવા લાગ્યા તેમ વિરોધીઓ વધતા ગયા. જેમનો આગેવાન રાઉલ નામનો એક માણસ ખ્રિસ્તીઓને હેરાન - કનડગત કરવા સિરિયાના દમસ્ક શહેરમાં જતો હતો ત્યારે રસ્તામાં ઇસુએ તેને ઓચિંતા દર્શન આપીને જીવન પલટો કરાવ્યો અને પોતાનો સંદેશ ફેલાવવા એને પણ 'પ્રેરિત' બનાવ્યો. તેણે પોતાનું નામ પાઉલમાં બદલીને ખ્રિસ્તી ધર્મ ફેલાવવામાં સહુથી મોટો ફાળો આપ્યો. પાઉલ દરેક સમાજ અને દેશમાં ઇસુનો સંદેશ લઇને પહોંચી ગયો. ભૂમધ્ય સમુદ્રથી લઇને ઇટાલીમાં રોમ સુધી અને પછી પશ્ચિમના છેડે આવેલા સ્પેન સુધી એ ફરી વળ્યો. તેણે દુનિયાના છેડા સુધી ઇસુનું નામ પહોંચાડ્યું. જયાં જયાં એણે ખ્રિસ્તીઓના સંઘોની સ્થાપના કરી હતી ત્યાં લાંબા પત્રો લખીને તેણે ધર્મનો મર્મ સમજાવ્યો. એના પત્રો આજે પણ સચવાયેલાં છે અને ખ્રિસ્તી ધર્મ સમજવા એનો અભ્યાસ અગત્યનો છે. બાઇબલના બીજા ગ્રંથોની વચ્ચે ખ્રિસ્તી ધર્મમાં એ પત્રોને પણ આગવું સ્થાન મળ્યું છે.

ઇસુને ક્રોસ પર ચડાવી દેવામાં આવ્યા એ પછીના દિવસે મરિયમ નામની સ્ત્રી કે જેણે ઇસુ પાસે પવિત્ર જીવનની દીક્ષા માગી હતી એ ઇસુની કબર પર શોક કરવા ગઇ. મરિયમે કબર પાસે આવીને જોયું તો ત્યાંથી ઇસુનું શબ ગાયબ હતું. તેનો વિલાપ વધી ગયો. તેણે રડતાં રડતાં પાછળથી એક અવાજ સાંભળ્યો, 'મરિયમ...' મરિયમ પાછળ ફરી અને બોલી, 'ગુરૂજી, તમે!' ઇસુએ તેને કહ્યું, 'મને વળગીશ નહીં, હજુ હું પિતા પાસે ઉપર ચાલ્યો ગયો નથી. પણ મારા ભાઇઓને જઇને કહેજે કે હું મારા પિતા અને તમારા પિતા, મારા ઇશ્વર અને તમારા ઇશ્વર પાસે ઉપર જઇ રહ્યો છું.' મરિયમે આવીને શિષ્યોને જાણ કરી કે મને પ્રભુના દર્શન થયા છે અને તેમને મને આ ઉપદેશ પહોંચાડવાનું કહ્યું છે. એવી માન્યતા છે કે ઇસુ ખ્રિસ્તનો પુનઃ અવતરણ રવિવારે થયું હતું. એટલે ચર્ચમાં રવિવારની પ્રેયર - પ્રાર્થનાનું ખ્રિસ્તીઓમાં ખૂબ જ મહત્ત્વ છે.

ખ્રિસ્તીઓ ખૂબ જ ઉદાર વિચારસરણીવાળા ગણાય છે. ક્રિશ્ચિયનો માંસાહાર કરે છે અને દારૂનો પણ ઉપયોગ કરે છે. બાઇબલમાં માંસાહાર અને દારૂને માનવી માટે સારી વસ્તુ ન હોવાનું જણાવવામાં આવ્યું છે, પણ આ બધાની ખ્રિસ્તીઓ માટે પાબંદી છે એવું નથી. ક્રિશ્ચિયન યુવતીઓ મોર્ડન ડ્રેસ પહેરવામાં છોછ અનુભવતી નથી. કારણ કે એમના માટે સહજ છે. ક્રિશ્ચિયન કલ્ચર જ પશ્ચિમી વિચારસરણી અને રહેણીકરણીવાળું છે. ક્રિશ્ચિયન પ્રજામાં વેપારવૃત્તિ ઓછી છે. ખૂબ અભ્યાસ કરી મોટી કંપનીઓમાં સારી નોકરીઓ કરવી ક્રિશ્ચિયન લોકો વધારે પસંદ કરે છે. ઘરના બારીબારણાને પડદા લગાડવાની પ્રથા લગભગ દરેક ખ્રિસ્તી પરિવારમાં હોય છે. ખૂબ વાંચન એમનાં લોહીમાં છે. ઓછી આવકમાં મોંઘા શોખ અને ચટાકેદાર ખાવા પીવાનું મેનેજમેન્ટ કરવું એ ક્રિશ્ચિયન લોકો ચર્ચમાં મળતા હોલી વોટરનો છંટકાવ કરે છે. ખ્રિસ્તીઓમાં મૃત્યુ પછી માનવીને દફનાવવાની વિધિ છે. મુંબઇના શિવરી વિસ્તાર આવેલું છે. ૧૨,૦૦૦ ચોરસ વાર મોટું કબ્રસ્તાન એશિયાનું સહુથી મોટું કબ્રસ્તાન છે. લાકડાની મોટી પેટી-કોફીનમાં મોંઘાદાટ કપડાં પહેરાવી સાથે અત્તર કે સુગંધી પદાર્થો મૂકીને મૃત ક્રિશ્ચિયનને દફનાવવામાં આવે છે.

ઇસુ પુનર્જન્મ લઇને પાછા આવ્યા એ પછી એમને ચાળીસ દિવસ સુધી શિષ્યો પાસે રહીને તેમને જાત-જાતના બોધ આપ્યા હતા. ખાસ કરીને પોતે જાય ત્યારે પિતાની અદૃશ્ય શક્તિ, પવિત્ર આત્મા એમનામાં ઊતરશે એની ખાતરી આપી. એમનાં છેલ્લા શબ્દો હતા, 'મને આખી સૃષ્ટિ ઉપર સંપૂર્ણ સત્તા આપવામાં આવી છે. એટલે તમે જાવ. અને બધી પ્રજાના લોકોને મારા શિષ્યો બનાવો અને તેમને પિતા, પુત્ર અને પવિત્ર આત્માને નામે સ્નાન-સંસ્કાર કરાવો, તમને મેં જે જે આજ્ઞાઓ આપી છે. તેનું પાલન કરવાનો ઉપદેશ આપો અને ખાતરી રાખજો કે હું યુગનાં અંત સુધી સદાય તમારી સાથે છું...'

# આજે મતદાનનો દિવસ છે, આઝાદી પછી લોકશાહી પધ્ધતિમાં આપણે શું મેળવવા લડત લડયા હતા અને હાલમાં શું મેળવી રહ્યા છીએ, તેનું ચિંતન કરવામાં આ પુસ્તક ઉપયોગી નીવડે તેવું છે

## શબ્દ સમીપે

**- નટવર હેડાઉ**

**આઝાદી પછી લોકશાહી પધ્ધતિમાં આપણે શું મેળવવા લડત લડ્યા હતા અને હાલમાં શું મળ્યું છે તેનું ચિંતન કરવા પ્રેરે તેવું આ પુસ્તક છે**

લોકશાહીનું મહા પર્વ કહી શકાય તેવા મતદાનનો બીજો તબક્કો આજે પૂર્ણ થશે. આઝાદ ભારતના નાગરીક માટે લોકશાહી શાસન વ્યવસ્થા અમે તેમાં મનનું મહત્વ સમજવું હોય તો આઝાદી પૂર્વેની પરિસ્થિતિનો વિચાર કરવો જોઈએ. આ લડત એક લાંબા ગાળા દરમ્યાન ચાલી હતી. ભારતને ૧૯૪૭માં અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદી મળી તે માત્ર અહિંસક ચળવળથી મળી તે વાત અર્ધસત્ય છે. પૂર્ણ સત્ય નથી. આ તો એવી વાત થઈ કે કોઈ કઠીયારો કોઈ વૃક્ષની ડાળ કાપતો હોય તેણે કુહાડથી નવ્વાણું ઘા કર્યા પણ ડાળ ન કપાઈ. પછી કોઈ બીજાએ એક ઘા કર્યો ને ડાળ કપાઈ ગઈ. તે ડાળ કાપવાનું શ્રેય પેલા સોમા ફટકાવાળાને મળ્યું. પરંતુ તેના પહેલાં નવ્વાણું ફટકા મારનારાએ ખરેખર તો ખરી અને સાચી મહેનત કરી કહેવાય. આવી જ વાત આઝાદીની પણ કહેવાય. ૧૮૫૭થી શરૂ થયેલી આઝાદીની લડત સતત ચાલતી જ રહી. તેમાં કોઈવાર પ્રબળતા આવી તો કોઈવાર ઢીલાશ આવી. પણ લડત ચાલતી રહી. ગાંધીજી આફ્રિકાથી ભારત આવ્યા અને આ લડતમાં એક નવી પધ્ધતિ ઉમેરાઈ તે હતી અહિંસક લડત. આગળ જતાં તે અસહયોગ સુધી વિસ્તરી ગઈ. પણ આ લડતની બાજુમાં સમાંનાંતર ક્રાંતિકારીઓની લડત પણ ચાલતી હતી. જે અહિંસક નહીં પણ હિંસક હતી. આગળ જતાં તેમાં સુભાષબાબુ, વીર સાવરકર વગેરે ઉમેરાયા તેથી તે વધુ મજબૂત બની. ભારત માતાના હજારો સપૂતો આ ક્રાંતિમાર્ગમાં જોડાયા અને તેમણે બ્રિટીશ સલ્તનતને નાકે દમ લાવી દીધો. આમાંથી સેંકડો ક્રાંતિકારીઓ પકડાયા અને ફાંસીએ ચડ્યા. આ ક્રાંતિકારીઓને ત્રણ ભાગમાં વહેંચી શકાય.


(૧) ફાંસીએ ચડનારા.

(૨) કાળાપાણીની અથવા આજીવન કેદ ભોગવનારા.

(૩) પોલીસની ગોળીએ મરનારા.

આ ત્રણમાંથી ફાંસીએ ચડનારા વીર શહીદોની વીરતાની ગાથા રજૂ કરતું પુસ્તક આપણને મળ્યું છે. આમાં જો કે બધાં જ ફાંસી શહીદોને સ્થાન આપી શકાયું નથી. ઘણા રહી ગયા છે જેમને સ્થાન અપાયું છે તેમની પણ વિસ્તૃત અને પૂરેપૂરી માહિતી મળી શકતી નથી. કારણ કે આઝાદી પછી આ ક્રાંતિકારીઓની ઘોર ઉપેક્ષા કરવામાં આવી છે. ત્યારે ફાંસીએ ચડનારા ક્રાંતિવીરોની જે કંઈ માહિતીઓ ઉપલબ્ધ થઈએ તેનું સુંદર સંકલન કરી 'ફાંસીના વરરજાઓ' નામે પુસ્તકમાં લેખકે આપણી સમક્ષ પ્રસ્તુત કરી છે. કારણ કે, આ ફાંસીએ ચડેલા આઝાદીના સાચા યોધ્ધાઓ હતા. આ પુસ્તકમાં આપણને ૭૨ જેટલા ફાંસી પામેલા શહીદોની ગાથા મળે છે. લેખકે તે માટે હિન્દી લેખક શ્રીકૃષ્ણ સરળનાં પુસ્તકો 'ક્રાંતિકારી કોશ'નો આધાર લીધો છે.

'ફાંસીના વરરાજા'ઓ પુસ્તકમાં આઝાદી પછી આ ક્રાંતિકારીઓની ઉપેક્ષા કરવામાં આવી તે માટે પોતાની ભૂમિકામાં લેખક બે કારણો ને માન્ય કરતા ન હતા. એટલું જ નહીં તેમની પ્રત્યે ધૃણા પણ કરતા હતા. તે જ સ્વતંત્ર ભારતના શાસક બન્યા. ગાંધીજી ભારતીય જીવન ઉપર એટલા છવાઈ ગયા હતા કે, આવા ક્રાંતિકારીઓને યાદ કરવામાં પણ લોકો ખચકાતાં હતા. બધાં પ્રચાર તંત્રો ગાંધી પ્રભાવમાં હતા. કોઈ રડયો ખડ્યો કદાચ આ લોકોને યાદ કરવે તો તેના પ્રત્યે હિંસાવાદી હોવાનો આરોપ મૂકીને તેને ઉતારી પાડવામાં આવતો હતો. તેથી જેવું અને જેટલા પ્રમાણમાં ક્રાંતિકારીઓ માટે સાહિત્ય રચાવું જોઈએ તે ન રચાયું. બીજું આપણે સાચી કદર કરનારી પ્રજા નથી. આપણી કદર જયારે વિદેશીઓ કરે છે. ત્યારે આપણે આપણા સપૂતોને ઓળખીએ અને સ્વીકારીએ છીએ. આ આપણી બહુમોટી દુર્બળતા છે.





'ફાંસીના વરરાજાઓ' પુસ્તકમાં લેખકે આપણી સમક્ષ મુકી આપેલ એ ફાંસીએ ચડેલા સપૂતો આઝાદીના સાચા યોધ્ધાઓ હતા. તેમણે અને તેમના પરિવારે જે સહન કર્યું તેટલું બીજા કોઈએ સહન કર્યું નથી. અહિંસાવાદી આંદોલનકારીઓ માંથી કોઈને ફાંસી થઈ હોય તેવું સાંભળ્યું નથી. તેમણે થોડા ઘણા સમયની જેલ થઈ છે. બાકી તેમના ઉપર કોઈ ભીષણ અત્યાચાર થયા હોય તેવું સાંભળવામાં આવ્યું નથી. પણ તેથી તેમની મહત્તા જરાય ઓછી થતી નથી. તે બધા પણ મહાન જ છે. વંદનીય છે.

**(અનુસંધાન પાના નં. ૬ પર)**


## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૧૭મી ડિસેમ્બર**



- રાષ્ટ્રીય મહાસભાનો ઇતિહાસ લખવાનું ભગીરથ કાર્ય કરનારા ડો. પટ્ટાભિ સીતા રામૈયાની પુણ્યતિથિ - ૧૯૫૯. લક્ષ્મી બેંકના સ્થાપક, અંગ્રેજી-સંસ્કૃત ભાષાના ઉત્તમ વક્તા હતા.
- ૧૯૦૩ માં જર્મન-રાઇટભાઇઓ પ્રથમવાર એરોપ્લેનમાં ઉડ્યા.
- ૧૭૭૮ - અભય દીવો શોધનારા સર હમ્ફ્રી ડેવિડનો જન્મદિન.
- ૧૯૦૭ - સંદેશા વ્યવહારથી સૃષ્ટિને સાંકળનારા વૈજ્ઞાનિક વિલિયમ થોમસનનું અવસાન.
- ૧૮૦૭ - ન્યુ ઇંગ્લેન્ડના રાજકવિ - જોન ગ્રીનલીફ વ્હીટ્ટીઅરનો જન્મ.
- ૧૯૧૫ - સંપાદક-અનુવાદક લેખિકા લાભુબહેન મહેતાનો લખતર ખાતે જન્મ.



- ૧૭મી ડિસેમ્બરથી પૂર્વ વડાપ્રધાન ચૌધરી ચરણસિંઘની જન્મ શતાબ્દી નિમિત્તે એક સપ્તાહ ખેડૂત સન્માન સપ્તાહ તરીકે ઉજવાય છે.

# વધારે કશું કહીને તારો મૂડ નથી બગાડવો, આ તારા અસલ બાપનો ફોટો છે, ના મનાતું હોય તો પૂછી લેજે તારી માને!

## રિસેપ્શન

**- કેશુભાઈ દેસાઈ**

સુઘડ ફાર્મમાં પચરંગી વસતિ ઊભરાઈ રહી છેઃ પાઘડી-ધોતિયાવાળી જૂની, ઘસાઈ ગયેલી પેઢીથી લઈ સૂટેડ બૂટેડ વચલી પેઢી ઉપરાંત અહીં લેઘા - ઝભ્ભા વાળો સમુદાય પણ ખરો, અને જિન્સવાળી અનુઆધુનિક પેઢીનાં જુવાનિયા વગર તો પ્રસંગ શોભે જ શાનો? મહિલાઓ ઝબૂક દીવડાઓ વચ્ચે પરંપરાગત વેશભૂષાથી લઈ લેટેસ્ટ ટૉપ અને જિન્સમાં મહાલી પ્રસંગમાં રંગોળી પૂરી રહી છે. મૅડિકલ કૉલેજમાં એમ.ડી. કરતાં કરતાં સર સિજે અધવચ્ચે ડ્રૉપ લીધો હતો. એને થયું : યુનિવર્સિટીની ડિગ્રી તો એકાદ વરસ મોડી પણ મેળવી લેવાશે. એકવાર એડમિશન મળી ગયું છે. એટલે ડિગ્રી તો મળવાની જ છે, પણ નીરૂ જેવી છોકરી કંઈ આપણી રાહ જોઈને ન જ બેસી રહે. એણે મિટિંગ ગોઠવાઈ ત્યારે મલકાઈને સ્પષ્ટ કહ્યું હતું : ડૉ. સરસિજ, તમે મને પસંદ છો, હું તમને ગમું છું કે કેમ, એ તમારે નક્કી કરવાનું છે. પણ મારા તરફથી એક જ શરત છે : લગ્ન આ ચાલુ વર્ષે જ, ઍઝ અર્લી પોસિબલ- પતાવી દેવાં પડે. મારા ડૅડીને કૅન્સર છે. એમની હયાતીમાં એ મને સારૂં ઘર અને સારો વર જોઈ વળાવી દેવા માગે છે. નાઉ ધ બૉલ ઈઝ ઈન યૉર કોર્ટ! મારા પક્ષે જે કહેવા જેવું હતું તે કહી દીધું.

ડૅડીની અંતિમ ઈચ્છાનો ઉલ્લેખ કરતાં એની આંખ ભીની થઈ ગયેલી સરસિજને સંવેદના તો વારસામાં મળી હતી. પિતાનું સ્મરણ એકદમ ઝાંખું પાંખું : બસ, કયારેક એક સાધુ જેવો નફકરો જીવ એને સપનામાં આવી જાય છે, એના માથે હાથ ફેરવી અલોપ થઈ જાય છે ને આંખ ઊઘડી જાય છે ત્યારે એનું મૅડિકલ સાયન્સ એ સપનાની ગૂંચ ઉકેલી શકવામાં નિષ્ફળ જતું હોવાની ખાતરી થાય છે. બાપ કેવો હોય એની સમજણ કદાચ બાપની ગેરહાજરીમાં જ પડતી હશે... નહીંતર એના કોઈપણ કલાસમેટ કરતાં સરજિત એકલો જ બાપ વિશે શું કામ વિચારતો હોત? એ બધાના બાપ હયાત હતા. એથી એમને મન બાપની કોઈ ખાસ વેલ્યુ ન હતી. ઊલટાના કેટલાક તો બાપ નામના એ 'બિહામણા' માણસની યાદ આવતાં જ થથરી ઊઠતા. એને થયુંઃ મા ગમે તેટલાં લાડ કરે પણ બાપ વગર તો જિંદગી અધૂરી જ ગણાય. મા ગમે તેવી જબરી હોય તો પણ શું બાપના સહયોગ વગર એ બાળક પેદા કરી શકે? એને ઓખા અને ગણેશવાળી પુરાણ કથા યાદ આવી જતી. શિવજી તો ભલાભોળા સ્મશાનવાસી દેવ. એમને સમાધી લાગે તેમાંથી બહાર આવતાં વરસોનાં વરસ લાગી જાય. એટલે તપ કરવા નીકળતાં પૂર્વે ઘરવાળીને છૂટ આપતા ગયા હોય તે બનવા જોગઃ તું તારે તારી રીતે એકાદ બે મન પસંદ બચ્ચાં કરી લેજે, એકલવાયું ન લાગે! પણ સરસિજની મમ્મી પાર્વતી થોડી હતી? એ તો બિચારી સાધારણ સ્ત્રી કદાચ એટલે જ... એને ઘણી બધી અધ્યાહાર રહી ગયેલી શકયતાઓ ઘરી વળતી. કદાચ એટલે જ લાભુકાકાએ અકાળે વિધવા થયેલી ભાભીને ઠામ બેસાડવાના કારસા ગોઠવ્યા હશે. મમ્મીએ ધરાર નન્નો ભણી દીધો હતોઃ મારે નાતરૂં કરીને છોકરાને ઓશિયાળો નથી બનાવવો. આજ પછી આવી વાત નોં કરતા!

'પણ ભાભી, તારા છોકરાને અમે રાખશું. જેવો હશે એવો અમારા બાપનો વેલો છે. એનો હક છે આ ખોરડા પર.' લાભુકાકાએ ધીમે રહીને ચીમકી પણ આપી હતી : 'અસ્ત્રીનો અવતાર છો. શી ખાતરી કલ કેવી ઊગશે?' બધા દા'ડા સરખા ન હોય ભાભી. આડો અવળો પગ પડી જશે તો અમારા ખાનદાનનું તો નાક જ વઢાઈ જવાનું. તે વખતે કોઈ વહાર કરવા નહીં આવે! અરે, કોઈ પડછાયો નહીં લે પડાછાયો.. જરા તારા પંડને તો પૂછી જો!

સરસિજની મમ્મીએ બારણું અડકાડી દીધું હતું : મને મારી આબરૂ જાળવતાં આવડે છે. ભલા થઈને આજ પછી - એ આગળ નહોતી બોલી. મોંઘામૂલી જણસની જેમ એણે સરસિજને બેઉ હાથ વડે ખેંચીને એના બે પગ વચ્ચે ઢબૂરી દીધો હતોઃ શા ભાર પડ્યા છે બેટા! તારો બાપ નથી તો શું થઈ ગયું? હું તો બેઠી છું ને વાઘ જેવી! તને કોઈની ઓશિયાળ નહીં વેઠવા દઉં, તારા બાપના સમ...

અને ખરેખર એણે એ સોગંધ પાળી બતાવ્યા હતા. સરસિજને એ દિવસો યાદ આવી જાય છે ત્યારે એના કાળજે શેરડા તણાઈ જાય છે. કેવી કારમી કસોટી કરે છે કે કુદરત પણ! કાકાએ તો ભાભી સાથે અબોલા લઈ લીધા હતા. ઘર જુદાં પણ જોડિયાં બાળક એકમેકને ચોંટેલાં જન્મયા હોય એમ કરે કરો જોડાયેલો. ઓસરી ખુલ્લી. કાકા ચલમ ફૂંકતા ફૂંકતા આખો દિવસ એનું પગેરૂં લેતા રહેતા. કૂતરા બિલાડાના મશે કંઈની કંઈ કૉમેન્ટ કર્યા કરતા. સરસિજ ખાસ્સો સમજણો થઈ ગયો હતો. કાકાએ શરૂ શરૂમાં તો એને હાથ ઉપર લેવા કોશિશ પણ કરેલી. મમ્મીએ એને ચેતવી દીધેલો : બોલાવે તો બોલવાનું, નાનું મોટું ટાંપું બતાવે તો તે પણ હસતા મોઢે કરી દેવાનું. પણ ભૂલથીયે એ માણસની સાથે ફરવા નહીં જવાનું. એ કશું ખાવાનું આપે તો ના પાડી દેવાની. કહી દેવાનું કે મારી મમ્મીએ મને બહારનું ખાવાની ના પાડી છે. મને મારા મૂએલા બાપના સોગન ઘાલ્યા છે...

સરસિજને મહાભારતની વાર્તા મોઢે થઈ ગઈ હતી. મમ્મીએ કોણ જાણે કેટલી વાર કહી હશે! ઘરમાં ટીવી નહોતું એટલે એને કાકાના ઘરે સિરિયલ જોવા જવાનું પણ મન તો થઈ આવતું.

**(અનુસંધાન પાના નં. ૬ પર)**